છાવણી ખેડૂતો અને ગૌ ભક્તોથી ખીચોખીચ

ગાંધીનગર, તા.૨૦

પાટનગરની છાવણી છેલ્લા બે દિવસથી આંદોલનકારીઓથી ખીચોખીચ જોવા મળી રહી છે. તે ઉપરાંત સચિવાલય સામે માજી સૈનિકો અને સ્વર્ણીમ પાર્ક ખાતે પણ ખેડુતો અડીંગો જમાવી બેઠા છે. જયારે શહેરમાં બે દિવસીય વિધાનસભાનું સત્ર મળી રહ્યું છે. જેને પગલે ગાંધીનગર વિધાનસભા-સચિવાલય સહિતના આંદોલન સ્થળને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવી છે. ભારત માલા પ્રોજેકટરનો વિરોધ દિન પ્રતિદિન વધી રહ્યો છે. ગાંધીનગર સહિત અનેક જિલ્લામાંથી ભારતમાલા પ્રોજેકટની જમીન સંપાદન મુદે વિરોધનું વાવાઝોડું ફેલાયું છે. ત્યારે આજે સેકટર-૬ છાવણી ખાતે ગાંધીનગરના ખેડુતો ભારત માલા પ્રોજેકટના વિરોધમાં ખેડુત ભાઈ-બહેનો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા.

જેમાં ખેડુતોની આજીવીકા સમાન જમીન સરકાર લેવા બેઠી હોવાથી વિરોધ ઉભો થવા પામ્યો છે. ભારતમાલા પ્રોજેકટમાં અનેક ગામની જમીન કપાતમાં જાય છે. જયારે સરકાર જમીનનું વળતર પણ પુરેપુરુ આપતી નથી જેને પગલે વિરોધનો શુર ખેડુતોમાં ઉઠી રહ્યો છે. જયારે ખેડુતોએ કોઈપણ ભોગે જમીન નહી આપવા માટે હુંકાર કર્યો હતો. આજે ખેડુતો આગેવાનોએ જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત પણ કરી હતી. જયારે છાવણી ખાતે આજે ગૌ માતા પોષણ યોજના અમલીકરણના મુદે ગૌભકતોએ સરકાર સામે બાંયો ચડાવી છે. જેમાં રાજયભરમાંથી સાધુ-સંતો હાજર રહ્યા હતા. સરકાર દ્વારા મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજના જાહેર કરાયા બાદ અમલવારી ન કરવામાં આવતા ગૌભકતો દ્વારા છાવણી ખાતે ધરણા યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગૌ ભકતોએ જણાવ્યું હતું કે સરકારે બજેટમાં યોજના જાહેર કરી હતી.પરંતુ તેનો કોઈ ઠરાવ હજુ સુધી કરવામાં આવ્યો નથી. રાજય સરકારે બજેટમાં યોજના માટે રૂ.૫૦૦ કરોડની જોગવાઈ કરી હતી. પરંતુ અમલવારી કરવામાં આવી નથી.આજે છાવણી ખાતે પાંજરાપોળ સંચાલકો, સંતો, સહિત ગૌ પ્રેમીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

આજથી ગામડાંઓમાં "ખેડૂતોના પ્રશ્નોનો નિકાલ નહીં તો વોટ નહીં"ના બેનર લાગશે

ગાંધીનગર જિલ્લામાં દેશવ્યાપી રોડ અને હાઈવે નેટવર્કના ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના અનેક ખેડૂતોની જમીનોને અસર થઈ રહી છે જેથી આંદોલનના માર્ગે ચડેલાં અસરગ્રસ્ત ખેડૂતોએ ખેડૂત હિત રક્ષક સમિતિ બનાવી છે. આ સમિતિ સાથે વિવિધ ગામના અસરગ્રસ્ત ખેડૂત મંડળો જોડાયાં છે જે પૈકી પીંપળજ ગામના અસરગ્રસ્ત ખેડૂત હિતરક્ષક મંડળના પ્રમુખ યોગેન્દ્રસિંહ વાઘેલાએ કહ્યું હતું કે "જો સરકાર અમારી વ્યથાને સમજીને યોગ્ય ઉકેલ નહીં આપે તો અમે અમારી મહામુલી જમીન બચાવવા છેક સુધી લડી લઈશું. આ સાથે અમે તા.૨૧મી સપ્ટેમ્બર ગુરુવારથી દરેક ગામના પ્રવેશદ્વારે એક બેનર લગાડીશું જેમાં લખ્યું હશે કે ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી કોઈપણ રાજકીય પક્ષે ગામમાં પ્રવેશ કરવો નહીં અને "ખેડૂતોના પ્રશ્નોનો નિકાલ નહીં તો વોટ નહીં"ના સુત્ર સાથે આગામી વિધાનસભાની ચુંટણીનો પણ બહિષ્કાર કરીશું. અત્રે ઉલ્લેખનીય છે કે એકલાં પીંપળજ ગામે જ આશરે ૧૪૦ જેટલાં ખેડૂતોની પિયત ફળદ્રુપ જમીનો જેમાં લગભગ ૨૦૦થી વધુ સર્વે નંબરોને અસર થઈ રહી છે જેમાં અનેક ખેડૂતો સાવ જમીન વિહોણા થઈ જાય તેવી સ્થિતિ છે તેના કારણે ખેડૂતો અને ગ્રામજનોમાં આક્રોશ છે.

જે.બી. પ્રાથમિક શાળામાં ડાંડિયા ડેકોરેશન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ધો. ૭ના વિદ્યાર્થીઓ માટે નવરાત્રી પર્વ નિમિત્તે ડાંડિયા ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વર્ગના કુલ ૨૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સુશોભનની અવનવી વસ્તુઓ સાથે સુંદર ડાંડિયા ડેકોરેશન કર્યુ હતુ.

શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ઘ-૫ ચોપાટી પર ત્રણ શખ્સોએ આતંક મચાવી વેપારીને માર માર્યો

ગાંધીનગર, તા.૨૦

શહેરની ઘ-૫ ચોપાટી ખાતે હોટલ માલિક સાથે ત્રણ શખ્સોએ બોલાચાલી કરી આતંક મચાવ્યો હતો. અસામાજીક તત્વોએ હોટલ માલિકને ગડદાપાટુનો માર માર્યો હતો.ત્યારે હોટલ માલિકને છોડાવવા જતા અન્ય વેપારીને પણ નાક અને હાથના ભાગે ખુરશી મારી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચેનાભાઈ હંસરાજભાઈ રબારી સેકટર-૧૫ ફતેપુરામાં રહે છે. જયારે હંસરાજ સેકટર-૧૬-૨૩ ના કટ પાસે પરોઠા શાકની લારી ચલાવે છે. બપોરના સમયે લારી બંધ કરી ચોપાટી ખાતે ભાઈ હનુમાન રબારીને મળવા મનમોહન ખારેક સેન્ટર ખાતે ગયો હતો. ત્યારે બાજુમાં સમાજના ગણપત હિરાજી રબારીની હોટલ આવેલી છે. ચોપાટીમાં ગઈકાલે બપોરના સુમારે ત્રણ શખ્સોએ જમવાની બાબતમાં દુકાનના માલિક સાથે ઝઘડો કરી ગાળાગાળી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. તે સમયે ચેનાભાઈ ત્રણ શખ્સો પાસે ગયા હતા અને તેમ ઝઘડો ના કરો, તમારે શું તકલીફ છે તે મને કહો તેમ કહેતા જ એક શખ્સે સ્ટીલની ખુરશી નાક પર મારી દેતા લોહી વહેવા લાગ્યું હતું. જેથી હનુમાનભાઈ બચાવવા વચ્ચે પડે તે પહેલા બીજીવાર ખુરશી મારતા હાથ વચ્ચે લાવતા ઈજા પહોંચી હતી. સામ સામે ઝપાઝપી થતા હનુમાનને કપાળના ભાગે ઈજા થઈ છે. બુમાબુમ કરતા આસપાસમાંથી વેપારીઓ અને કારીગરો એકઠા થઈ ગયા હતા. ત્યારબાદ હોટલ માલિકને મારીને બે શખ્સો નાસી ગયા હતા. જયારે એક શખ્સને વેપારીઓએ પકડી પોલીસને હવાલે કર્યો હતો. પોલીસે આતંક મચાવનાર શખ્સોના નામ અંગે પુછતા અરવિંદ મંગાજી ઠાકોર (વાવોલ), લાલો સેંધાજી ઠાકોર (વાવોલ), અને વિષ્ણુ રાવળ (સેકટર-૨૫) હોવાનું સામે આવ્યું હતું. જયારે ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ જતા નાકના ભાગે ઈજા અને હાથના ભાગે ફ્રેકચર હોવાનું નિદાન થયું છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર-૨૩ પેટ્રોલ પંપ પાસે બે યુવકો પર ઘાતકી હુમલો

કારમાં આવેલા ત્રણ શખ્સોએ લોખંડની પાઈપ અને લાકડાના ધોકા વડે હુમલો કર્યો, સિવિલમાં બંને ઈજાગ્રસ્ત સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ પેટ્રોલ પંપ પાસે કારમાં આવેલા ત્રણ શખ્સોએ બે યુવકો પર લોખંડની પાઈપ અને ધોકા વડે હુમલો કરી ઈજા પહોંચાડી છે.જયારે સ્થાનિક નાગરીકો એકઠા થઈ જતા ત્રણેય હુમલાખોર કાર લઈને નાસી ગયા હતા. બંને ઈજાગ્રસ્તને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ માણસા તાલુકાના આનંદપુરા (અંબોડ)ગામે રહેતા કિર્તિસિંહ ખુમાનસિંહ ચાવડા ગઈકાલે તેમના પાન પાર્લર ખાતે હતા. તે સમયે તેમના નાના દિકરા સત્યજીત આવીને કહ્યું કે વિવેકસિંહ ગાંધીનગર ઘ-૫ ખાતે ઝઘડો થયો છે. જયારે ઝઘડા દરમિયાન ઈજા પહોંચી હોવાથી સિવિલ સારવાર માટે લઈ ગયા છે. જેથી કિર્તિસિંહ તાત્કાલીક સિવિલ દોડી જઈને જોયુ તો તેમના દિકરાને માથામાં ઈજા પહોંચી હતી. બનાવ અંગે કિર્તિસિંહ પુછતા વિવેકસિંહે જણાવ્યું કે આજ થી અઠવાડીયા અગાઉ સમર્પણ કોલેજમં વિશાલસિંહ વાઘેલા (રહે કોલવડા) સાથે મારા મિત્રને ઝઘડો થયો હતો. તેનુ સમાધાન પણ થઈ ગયું હતું. બીજા દિવસે વિશાલસિંહ કોલેજમાં મને સામે મળ્યો હતો તે સમયે મને કહ્યું કે ''તુ મારી સામે આવીશ તો જીવતો નહી રહેવા દઉં''તેવી ધમકી આપી હતી અને તને જોઈ લઈશ. ત્યારબાદ ગતરોજ સવારના સમયે વિવેકસિંહ અને તેનો મિત્ર સુરપાલસિંહ ચાવડા (રહે અંબોડ) ઘ-૫ સર્કલ સેકટર-૨૩ તરફ જવાના કટ પાસે ઉભા હતા. તે સમયે એક સફેદ કલરની બ્રેઝા કાર આવીને ઉભી રહી હતી. જેમાંથી વિશાલસિંહનો મિત્ર તરૂણસિંહ લોખંડની પાઈપ લઈને નીચે ઉતર્યો હતો અને બીજા બે શખ્સો લાકડાના ધોકા લઈ નીચે ઉતર્યા હતા. વિવેકસિંહ અને સુરપાલસિંહ કંઈ સમજે કે વિચારે તે પહેલા ધસી આવી તરૂણસિંહ લોખંડની પાઈપ મારી હતી.જયારે બે શખ્સોએ સુરપાલસિંહ અને વિવેકસિંહ પર તુટી પડીને ઢોર માર માર્યો હતો. જયારે ઝઘડામાં આસપાસના વ્યકતિઓ દોડી આવતા ત્રણેય જણા બ્રેઝા કારમાં ભાગી ગયા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી ત્રણેય શખ્સોને પકડી પાડવા માટે કવાયત તેજ કરી છે.

ચિલોડા-હિંમતનગર હાઈ વે પરની ઘટના

રાત્રીના સમયે યુવકને છરી મારી રૂપીયા-મોબાઈલ લઈ લુંટારૂઓ ફરાર

ગાંધીનગર, તા.૨૦

ચિલોડા-હિંમતનગર હાઈ વે માર્ગ પર મધ્યરાત્રીએ બાઈક ચાલક યુવકને આંતરી છરીની અણીએ કપડા, રોકડ રૂપીયા, અને મોબાઈલ ફોન લુંટી બાઈક પર ત્રણ લુંટારૂઓ નાસી ગયા હતા. તે સમયે યુવાને હોહા કરતા લુંટારૂઓ એ પાછા આવીને યુવકને પેટના ભાગે છરીના ઘા ઝીંકીને અંધકારમાં અદ્રશ્ય થઈ ગયા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ વાડજ ખાતે રહેતો યુવક રાજસ્થાનનો અજય રમેશ મીણા ચાની દુકાનમાં કામ કરે છે. અજય બાઈક લઈને તેની સાસરી સરાઈ ગામ જવા માટે નીકળ્યો હતો. ત્યારે રાત્રીના પોણા બે વાગે ચિલોડા - હિંમતનગર જતા રોડ પર અંજલી હોટલ પાસે પેટ્રોલ પંપ નજીક ત્રણ શખ્સો બાઈક લઈને ઉભા હતા. તેઓએ અજયને બાઈક ઉભુ રાખવા માટે ઈશારો કરતા તેણે બાઈક નહી ઉભુ રાખતા બે શખ્સોએ બાઈક પકડી પાડ્યું હતું. જેથી બાઈક ઉભુ રહી ગયું હતું. તે સમયે ત્રણેય શખ્સો અજયને બાજુમાં અંધારામાં લઈ જઈને મારામારી કરી છરી દેખાડી ખિસ્સામાંથી રોકડા ચાર હજાર રૂપીયા, મોબાઈલ ફોન તેમજ કપડા ભરેલી બેગ લઈ જતા રહ્યા હતા. ત્યારે બનાવને પગલે અજયે હોહા કરી મુકતા લુંટારૂઓ પરત આવ્યા હતા અને અજયને પેટના ભાગે છરી મારી જતા રહ્યા હતા. ત્યારબાદ અજય લોહી નીતરતી હાલતમાં મદદ માટે નજીકમાં અંજલી હોટલ પાસેના પેટ્રોલપંપ ખાતે ગયો હતો. જયા એક નાગરીકે તાત્કાલીક ૧૦૮ને ફોન કરી બોલાવી અજયને સારવાર માટે મોકલી આપ્યો હતો.જયારે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ હાઈવે માર્ગ ઓળંગતા શ્રમિકનું અજાણી કારની ટક્કરે મોત

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર-સરખેજ માર્ગ પર અડાલજ પાસે વહેલી સવારે હાઈવે ઓળંગી રહેલા રાહદારીનું અજાણી કારની ટક્કરે મોત નિપજ્યું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અડાલજ પોલીસ મથકમાં શીનાભાઈ લક્ષ્મણભાઈ બારીયા (ઉ.૪૯)એ નોંધાવેલી ફરીયાદ મુજબ તેઓ મુળ દેવગઢ બારીયા તાલુકાના વોદર ગામના વતની છે અને છેલ્લા ૧૫ દિવસથી શ્રેયા ફાર્મ અડાલજ પાસે બટર ફલાય બગીચામાં મજુરી કામ કરે છે અને ત્યાં જ રહે છે. આજે સવારના સમયે તેઓ સુઈ રહ્યા હતા. તે સમયે ૬ વાગ્યાના અરસામાં રોડ પર ધડામ કરતો અવાજ આવતા જાગી ગયા હતા. ત્યારબાદ ત્યાં જઈને તપાસ કરતા શીનાભાઈના સાળા ચતુરભાઈ રત્નાભાઈ પટેલ (રહે. મોટા કેલીયા ડોબક ફળીયુ દેવગઢ બારીયા)ને કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે તેમજ ગફલતભરી રીતે હંકારતા ઈજા પહોંચી હતી. જયારે ગાડી વૈષ્ણોદેવી તરફ જતી રહી હતી. શીનાભાઈએ સ્થળ પર જઈને જોયુ તો ચતુરભાઈ રોડ પર પડ્યા હતા.તેમના જમણા હાથે-જમણા પગે તેમજ શરીરે મોઢા પર સહિતની જગ્યા એ ઈજા પહોંચતા તેઓ બેભાન અવસ્થામાં હતા. જયારે ૧૦૮ દ્વારા તેમને સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જયાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આદર્શ શિક્ષકનો ભવ્ય વિદાય સન્માન

ગાંધીનગર, તા. ૨૦

દોલારાણાવાસણાહાઈસ્કુલ ના લોક લાડિલા શિક્ષક શ્રી કે. સી. પટેલ નો દોલારાણાવાસણા ગામ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ગામના પૂર્વ અને વર્તમાન સરપંચશ્રી ની ઉપસ્થિતિમાં ભવ્ય સન્માન સમારોહ સ્નેહભીનો વિદાય સમારંભ તા-૧૧/૦૯ / ૨૦૨૨ ના રોજ યોજાઈ ગયો જેમાં સાહેબ શ્રી નો વિદ્યાર્થીઓ પ્રત્યે નો પ્રેમ, લાગણી અને ઉદારતાના ખૂબ વખાણ થયા.વર્તમાન સરપંચ શ્રી ઈન્દ્રજીત રાઠોડ અને પપ્પુભાઈ એ શાલ અને સન્માન પત્ર દ્વારા સન્માન કર્યુ તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ફલાહાર, શાલ અને વિવિધભેટો થી સન્માન કરી ગુરુ પ્રત્યે નું પ્રત્યે નું ઋણ અદા કર્યું. સૈન્યમાંથી નીવૃત થયેલા શિરિન ખત્રી એ શ્રી કે. સી. પટેલ સાહેબ ને વિસમી શદી ના ગૂગલ ગુરુ ની ઉપમા આપી તો મનુભાઈ રાવરે સાહેબ ને ઓલરાઉન્ડર તરીકે ગણાવ્યા. સાથે સાથે શ્રી પપ્પુભાઈએ સાહેબ ને વિદ્યાર્થીઓ ના મસીહા કહ્યા. અને મહાકાલ સેનાના પ્રમુખ સંજયસિંહ રાઠોડે વિદ્યાર્થીઓને સ્ટેજ પર બોલતા કરનાર જાદૂગર કહ્યાં તો પૂર્વ સરપંચ વિરસંગભાઈ એ ધર્મ અને વિજ્ઞાનને જોડી વિદ્યાર્થીઓમાં પરીવર્તન લાવનાર સંત કહ્યા. અંતે સાહેબે પોતાની આગવી વક્તુવશૈલી દ્વારા પોતાના વિદ્યાર્થીઓને ભાવ વિભોર કરી દિધા. અંતે સાહેબે ગામની લાયબ્રેરીમાં પુસ્તક લાવવા પાંચ હજાર દાન હતુ.

ગાંધીનગર ખાતે ભાજપ શાસિત મનપાના મેયરોથી કોન્ફોરન્સનો શુભારંભ

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર ખાતે ભારતીય જનતા પાર્ટી સુશાસન વિભાગ દ્વારા બે દિવસય ચાલનારો રાષ્ટ્રીય મેયર સંમેલનનો શુંભારંભ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીના વરદ હસ્તે કરવામાં આવ્યો. મેયર સંમેલનમાં ભાજપ સાશિત રાજયોના મેયર અને ડે.મેયરશ્રીઓ તેમના રાજયોમાં જે જે સારા કાર્યો કર્યા છે તે અંગે તેમજ શહેરી વિકાસમાં વધુ સારુ કાર્ય કેવી રીતે કરી શકાય તે માટે ચર્ચા કરવામાં આવશે. મેયર અને ડે.મેયરશ્રીઓને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે માર્ગદર્શન આપ્યું આ કાર્યક્રમમાં પેજ સમિતિના પ્રણેતા અને યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ તેમજ રાજયના પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમમાં ગુજરાતના પનોતા પુત્ર અને દેશના પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે,આઝાદીના અમૃત કાળમાં આવનાર ૨૫ વર્ષ માટે ભારતના શહેરી વિકાસના એક રોડ મેપ બનવવામાં આ સંમેલનની મહત્વની ભૂમિકા રહેશે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજી અને તેમની ટીમને આ કાર્યક્રમનું આયોજન કરવા માટે ખૂબ ખૂબ અભિનંદન. આપણા દેશના નાગરીકોએ ખૂબ લાબા સમયથી શહેરોના વિકાસ માટે ભારતીય જનતા પાર્ટી પર જે વિશ્વાસ રાખ્યો છે તેને જાળવી રાખવો તે આપણા બધાની જવાબદારી છે. જનસંઘથી લઈ અત્યાર સુધી સામાન્ય માણસને એક વિશ્વાસ છે કે ભાજપના કાર્યકર પાસે વિકાસની વ્યવસ્થા આવશે તો તેને સુપેરે નિભાવશે. અમદાવાદ શહેરની પણ એક અલગ ઓળખ છે. સરદાર વલ્લભભાઈ પટેલે પણ અમદાવાદના મેયરનું નેતૃત્વ સંભાળ્યું હતું. અહીથી તેમની શરૂઆત થઈ અને દેશના પ્રધાનમંત્રી પદ સુધી પહોંચ્યા હતા. સરદાર વલ્લભભાઈ પટેલે વર્ષો પહેલા જે મ્યુનિસીપલ કોર્પોરેશન ક્ષેત્રે જે કામ કર્યુ છે તેને આજે પણ બહુ સન્માન સાથે યાદ કરવામાં આવે છે. અંહી ઉપસ્થિત મેયરોએ પણ તેમના શહેરને તે સ્તર સુધી લઈ જવાનો પ્રયાસ કરવાનો છે કે આવનારી પેઢી તમને યાદ કરે કે ભાજપના લોકો સત્તામાં આવ્યા પછી અહી પરિવર્તન આવ્યું છે. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીશ્રી બી.એલ.સંતોષજી, રાષ્ટ્રીયમંત્રીશ્રીઓ શ્રી રૂતુરાજ સિંહા, શ્રી આશા લકાર, રાષ્ટ્રીય મીડિયાના સહ કન્વીનરશ્રી સંજય માયુખ,રાષ્ટ્રીય પુર્વ ઉપાધ્યક્ષ અને સુશાસન વિભાગના પ્રભારીશ્રી વિનય સહસ્ત્રબુદ્ધી,પ્રદેશના સંગઠનમહામંત્રીશ્રી રત્નાકરજી, પ્રદેશના મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલા, પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી એમ.એસ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરના બે વિદ્યાર્થીઓએ વાડોકાઈ કરાટેમાં પ્રોવિઝનલ બ્લેક બેલ્ટની પદવી પ્રાપ્ત કરી

ગાંધીનગર, તા. ૨૦

વાડાકોઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રશિક્ષક સુરજ ત્રિપાઠી દ્વારા કુડાસણ સ્થિત સ્વાગત ફોરેસ્ટ-૨ સોસાયટીમાં કરાટેના વર્ગોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ વર્ગમાં છેલ્લા પાંચ વર્ષથી કરાટેનો નિયમિત અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ ભવ્યા વ્યાસ અને દિવ્યા પાંડે દ્વારા પ્રોવિઝનલ વાડોકાઈ કરાટે શૈલીમાં પ્રોવિઝનલ બ્લેક બેલ્ટની ડીગ્રીની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી હતી.

ગાંધીનગરના કોચ સુરજ ત્રિપાઠીના વરદહસ્તે બંને વિદ્યાર્થીઓને વાડોકાઈ કરાટેની પ્રોવિઝનલ બ્લેક બેલ્ટની પદવી એનાયત કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લાના નિયામક રેન્સી ગૌરાંગભાઈ રાણા તથા ફેડરેશનના ચીફ ટેકનીકલ ડાયરેક્ટર શિહાન અરવિંદભાઈ રાણાએ બંને વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

જાહેર નિવિદા નં. ૧૭
સને ૨૦૨૨-૨૦૨૩
(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)
ગુજરાત સરકાર
(વિજળીકરણ કામના ઠેકેદારો માટે)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં ૨૨, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬, દ્વારા વિજળીકરણને લગતા (૬) કામ જેની અંદાજીત કિંમત રૂ. ૮૮,૮૮૦.૦૦ થી ૯૯,૯૮૦.૪૧ છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૮/૯/૨૦૨૨ બપોરે ૪.૦૦ વાગ્યા સુધી છે. રજીસ્ટર પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી ટેન્ડર પરત મેળવવાની તા. ૭/૧૦/૨૦૨૨ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૪૬૮/૨૨-૨૩